ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૬-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# ઇરાકની અંધાધૂંધીમાં નિર્દોષ ભારતીયનો મરો

કેન્દ્રમાં મોદી સરકાર પગ વાળીને બેસે એ પહેલાં એકથી એક આકરી કસોટીઓ ચાલુ થઇ ગઇ છે. દિલ્હીમાં પાણી અને વીજળીના ધાંધિયા છે. મોંઘવારી માઝા મૂકી રહી છે. ઉત્તરપ્રદેશ સહિત દેશનાં વિવિધ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા કથળી રહ્યાં છે. યૌનશોષણ અને ખૂનામરકી ઉપરાંત એન્સફેલાઇટિસ જેવી બીમારીના કિસ્સા વધી રહ્યા છે. એ બધાં કરતાં વિકટ સમસ્યા છે ઇરાકમાં ફાટી નીકળેલા ગૃહયુદ્ધની. વગર વાંક ગુને ભારતીય મજૂરો અને કારીગરોનું અપહરણ કરાયું છે. ચાળીસ જેટલા આ યુવાનો પંજાબથી પેટીયું રળવા ગયેલા ગરીબ માબાપનાં સંતાનો છે. કેટલીક નર્સો પણ મુશ્કેલીમાં આવી પડી હતી, પરંતુ એમને સલામત સ્થળે ખસેડી ભારત પરત લઇ આવવાની કાર્યવાહી ચાલુ છે. કેરળના મુખ્યમંત્રી આ મુદ્દે સીધા જ વડાપ્રધાનનાં સંપર્કમાં છે. પરંતુ પેલા ચાલીસ પંજાબી યુવાનોનો મોડી સાંજે પત્તો મળી ગયો છે. ત્રાસવાદી સુન્નીઓએ એમનું અપહરણ કર્યું હોવાના સમાચારને હવે અધિકૃત રીતે પુષ્ટિ મળી ગઇ છે. ઇરાક સરકાર પર ભારત સરકારના સતત દબાણ છતાં એમની સલામતી કે લોકેશન વિષે કશી માહિતી ઉપલબ્ધ નથી. ઇરાકના સૌથી મોટા શહેરો પૈકી બીજા નંબરના શહેર મોસુલ ખાતે આ લોકો એક કંસ્ટ્રકશન કંપનીમાં કામ કરતાં હતા આતંકવાદીઓએ ગયાં મંગળવારથી મોસુલ પર કબજો જમાવી દીધો છે. કંપની અને પ્રશાસનવાળા કર્મચારીઓએ એમનું અપહરણ કર્યું હતું અને પાછળથી 'આઇએસઆઇએસ' ના મિતાક્ષરી નામે ઓળખાતા સુન્ની આતંકવાદી જૂથે એમનો કબજો મેળવી એમને અજ્ઞાત સ્થળે ગોંધી રાખ્યા હોવાનું મનાય છે. આ મુદ્દે નથી કશી માહિતી ભારતના વિદેશખાતા પાસે કે નથી ઇરાક સરકાર પાસે. તેથી પંજાબના નાયબ મુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલ કેન્દ્ર સરકાર પર પસ્તાળ પાડી રહ્યા છે. કેન્દ્ર સરકારે ઇરાકમાં ભારતીય રાજદૂત તરીકે રહી ચૂકેલા સુરેશ રેડ્ડીને તાબડતોબ બગદાદ મોકલીને વાટોઘાટોનો દોર શરૂ તો કરાવ્યો છે પરંતુ ઇરાક સરકાર હજી સુધી અપહૃત ભારતીય નાગરિકોની ભાળ મેળવી શકી નથી તે ખૂબ જ દુઃખદ બીના છે. રેડક્રોસની મદદથી ટિકરીત શહેરમાં ફસાયેલી ભારતીય નર્સોને સલામત સ્થળે ખસેડાઇ છે. બધા થઇને દોઢસો જેટલા ભારતીય નાગરિકો ઇરાકના આ કમઠાણમાં ભયજનક સ્થિતિમાં મુકાયા હોવાનો અંદાજ છે. વિદેશમંત્રી સુષમા સ્વરાજ માટે પણ આ આકરી કસોટીના દિવસો છે. એમણે પ્રો-એક્ટિવ બની વિદેશ વિભાગના એક સચિવની અધ્યક્ષતામાં ક્રાઇસીસ મેનેજમેન્ટ ટીમ નિયુક્ત કરી ફસાયેલા ભારતીય નાગરિકોને ત્વરિત કુમક પહોંચાડવાની કોશિશ કરી છે. આ તમામ કવાયત પછી પણ સુન્ની આતંકવાદીઓએ પેલા ચાળીશ પંજાબી છોકરાઓને છોડ્યા નથી, તે સૂચક છે. વેળાસર પાછા બોલાવી લેવાયા હોત તો ભારતીય નાગરિકો આવી દયાજનક સ્થિતિમાં ન મુકાયા હોત સુન્ની મુસલમાનોનું કટ્ટરપંથી જૂથ શિયા મુસલમાનોનું નિકંદન કાઢવા માગે છે. ઇસ્લામિક આતંકવાદ આગામી વર્ષોમાં ખુદ મુસ્લિમ દેશોને ભારે પડવાનો છે, એનો આ જીવતો જાગતો દાખલો છે. ઇરાકમાં ધ્વસ્ત કરાયેલ શિયાઓનાં ધર્મસ્થાનોનું સમારકામ કરાવી આપવાની જવાબદારી ઇરાને માથે લીધી છે. ઇરાન શિયા મુસલમાનોનો દેશ છે. સુન્ની કટ્ટરવાદીઓ હિંદુઓ અને ખ્રિસ્તીઓની જેમ શિયાઓને 'કાફર' ગણે છે. આવી કટોકટીની સૌથી મોટી અસર ખનીજ તેલના પુરવઠા અને વિતરણ પર પડે તે સ્વાભાવિક છે. દુનિયા આખી ખનિજ તેલના મુદ્દે મધ્યપૂર્વ અને ખાડીના દેશોની ઓશિયાળી છે. આતંકવાદીઓ વિશ્વની મહાસત્તાઓની આ નબળી રગની સુવિદિત છે. તેથી તેઓ તેલની રિફાઇનરીઓને નિશાન બનાવી ત્રાટકે છે. ઇરાકની આ અંધાધૂંધીથી ડિઝલ-પેટ્રોલ જેવી ખનિજ પેદાશોના ભાવ ઊંચકાશે અને તેથી ભારતને સૌથી વધુ કનડતો મોંઘવારીનો પ્રશ્ન ઉકેલવો અશક્ય નહીં તો અઘરો તો જરૂર બની રહેશે. ઇરાકમાંથી રાસાયણિક શસ્ત્રોના બહાને સરમુખત્યાર સદ્દામ હુસેનનો ખાતમો થયા પછી અમેરિકાએ એને અનુકૂળ એવી લોકશાહી સરકારના હાથમાં સૂત્રો સોંપ્દાય હતા. પરંતુ સદ્દામની વિદાય પછી આટલાં વર્ષેય હજી ઇરાકમાં શાંતિનો માહોલ નથી સરજી શકાયો. ભારત માટે તો આ ખાડીના દેશો અને મધ્યપૂર્વનાં રાષ્ટ્રો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો એક અસ્કામત સમાન રહ્યા છે. ભારત જ એક અભિન્ન અંગ જેવું પાકિસ્તાન એનું કટ્ટર દુશ્મન બની ગયું છે ત્યારે પણ ભારત ઇરાક-ઇરાન-સાઉદી અરબ અને ખાડીના દુબઇ જેવા નાના દેશો સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવી શક્યું છે. બેઉને એકમેકની ગરજ પણ છે. તેલની પાઇપલાઇનથી જોડાયેલા આ દેશોને ભારત હરહંમેશ ઉદારતાપૂર્વક મદદ પણ કરતું રહ્યું છે અને ઇરાન સાથેના સંબંધોને કારણે તો કયારેક એને યુરોપ-અમેરિકા જેવાં સમૃદ્ધ મિત્ર રાજયોને નારાજ કરવાં પડયા છે. પરંતુ આટલા હૂંફાળા સંબંધો છતાં આ ઇસ્લામિક રાષ્ટ્રોમાં ભારતીય નાગરિકોની સલામતીના પ્રશ્ને તો અવઢવ રહ્યા જ કરી છે. અફઘાનિસ્તાનને બેઠું કરવામાં ભારતે કોઇ પણ પાડોશી રાષ્ટ્ર કરતાં વધારે ભોગ આપ્યો હોવા છતાં તાલિબાન જૂથો દ્વારા હેરતના ભારતીય દૂતાવાસ પર હુમલો થાય છે ત્યારે અફગાન નેતાઓ પાકિસ્તાન પર દોષનો ટોપલો ઢોળી દે છે. ભારતે હવે મધ્યપૂર્વ અને ખાડીના દેશો સાથેનાં સંબધો વિશે સમીક્ષા કરી પોતાના નાગરિકોની સલામતીની પાકી ખાતરી મેળવવી જ રહી, ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો પધરાવવા જેવી નીતિ બદલવી પડશે. મજૂરથી લઇ ટેકનોક્રેટ સુધીની માનવસંપદા પુરી પાડનારા લોકશાહી રાષ્ટ્ર પ્રત્યે એ બધાએ પણ સન્માનપૂર્વક વર્તવું જ જોઇએ. ઇરાક કટોકટીમાં સુન્ની આતંકવાદીઓને જેર કરવા ઇરાકના પ્રશાસને અમેરિકાની સહાય માગી છે. અમેરિકા તો આવી તક ક્યારે મળે, એની રાહ જ જોતું હોય. 'ઇસ્લામિક' ઓળખને કારણે બાકીની દુનિયાની આંખમાંથી ઊતરી ગયેલ આ દેશો એમની તેલ સંપત્તિને કારણે દુનિયાના કેટલા બધા દેશોના લોકોને રોજગારી પુરી પાડે છે! ખાટલે મોટી ખોડ કે એ અંદરોઅંદર લડ્યામાંથી જ નવરા પડતા નથી. મધ્યપૂર્વ અને ભારત પાકિસ્તાન વ્યૂવહાત્મક રીતે સહયોગ સાધે તો અમેરિકા અને ચીન જેવા જગત જમાદાર સીધાદોર થઇ જાય. લેકિન વો દિન કહાં કિ મિયાં કે પાંવ મેં જૂતી?

# સમાજમાં બાળકને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવાનો રોગ લાગુ પડ્યો છે : ભાગ્યેશ જહા

ગાંધીનગર, તા. ૧૯

સમાજમાં ઘણા બધા વાલીઓને પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવાનો રોગ લાગું પડ્યો છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતો બાળક આપણા આદી કવિ શ્રી નરસિંહ મહેતાને ઓળખશે નહિ અને ગાયત્રી મંત્ર પણ બોલી શકશે નહિ. અંગ્રેજી ભાષામાં આરતી શબ્દનું અંગ્રેજી જ નથી, તેવું આજરોજ સેકટર- ૨૪ -ાથમિક શાળામાં યોજાયેલ શાળા -વેશોત્સવ કાર્યક્રમમાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું.



વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપીને આપણે આપણા બાળકને આપણી સંસ્કૃતિ અને સંસ્કારથી વંચિત કરી રહ્યાં છીએ. તેમણે શિક્ષણનું મહત્વ સમાજવતા કહ્યું હતું કે, શિક્ષણ એટલે ગુજરાતી, ગણિત અને સમાજવિધાનું જ્ઞાન મેળવે તે નથી, પણ સાચું શિક્ષણ તો બાળકને જીવન કેમ જીવવું તે શીખવાડે છે. શિક્ષકનું સ્થાન સમાજમાં કલેકટર, સચિવ, અગ્રસચિવ કે અન્ય પદાધિકારીશ્રીઓ કરતા પણ ઉચું છે. શિક્ષત વ્યક્તિ જીવનમાં હમેંશા કોઈ -ગતિ કરે છે, ત્યારે પોતાના શિક્ષકને અવશ્ય યાદ કરે છે.

સૌથી મોટું દાન વિદ્યાદાન છે, તેવું કહી તેમણે પોતાના શિક્ષક પિતા સહિત તમામ શિક્ષકો દુનિયાના સૌથી મોટા દાનવીર છે. પોતાના જીવનના શિક્ષણ માટેના અમેરિકાના -વાસના એક -સંગને યાદી કરી કહ્યું હતું કે, તે અભ્યાસમાં વિશ્વભરના ૨૪ તજજ્ઞોને ત્યાંના શિક્ષકેં શાળા છોડયા પછી હું શું શીખ્યોઁ વિષય પર લખવા કહ્યું હતું, પણ હું આ વિષય પર કશું જ લખી શક્યો ન હતો. તેનું કારણ એટલું હતું કે, મેં શાળા છોડ્યા પછી જીવનમાં કશું શીખ્યો નથી, પણ મારા જ્ઞાનમાં જ વધારો થયો છે. તેમને શિક્ષકો તરફથી જિજ્ઞાસા નામની સૌથી મોટી મિલ્કત આપવામાં આવી છે. જેના થકી આજે મારા જીવનમાં મેં ખૂબ જ -ગતિ કરી છે.

સેકટર- ૨૪માં શાળા -વેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત સચિવ શ્રી કનુભાઇ -જાપતિ, સેકટર-૨૪ સરકારી દવાખાના ડૉ. ઋત્વાબેન



શ્રી ભાગ્યેશ જહાના હસ્તે આંગણવાડીના ૯ ભુલકા અને ધોરણ-૧ માં ૧૫ બાળકો તથા ધોરણ- ૯માં ૪૬ વિદ્યાર્થીઓને ચંદન તિલક કરી રમકડા, દફ્તર અને પુસ્તકો આપીને -વેશવિધિ સંપન્ન કરાવવામાં આવી હતી. આ -સંગે શ્રી ભાગ્યેશ જહાના હસ્તે ધોરણ- ૩ થી ૮માં -થમ ક્રમે પાસ થનાર વિદ્યાર્થીઓ અને દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ધાત્રી માતાઓને સુખડી અને અન્ય પોષ્ટિક આહારના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંત મહાનુભાવોના હસ્તે શાળાના -ટાંગણમાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.આભારવિધિ શાળાના આચાર્ય શ્રી લીનાબેન પારેખ કરી હતી. આ -સંગે આસિટન્ટ મ્યુનિસિપલ કમિશનર શ્રી એસ. એમ.ચૌધરી, મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી સુરેશભાઈ મહેતા, ભાજપના અગ્રણી ઠક્કર, શાળાના આચાર્ય શ્રી લીનાબેન પારેખ સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.



ગાંધીનગર જિલ્લામાં આજથી શહેરી કક્ષાના ત્રિદિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ કાર્યક્રમનો આરંભ થયો છે. આજરોજ અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસિંગ વિભાગના સચિવ શ્રી મોના ખંધારના હસ્તે ધોળાકુવા, બોરીજ અને સેકટર-૩૦, સરકારી -ાથમિક શાળાના ધોરણ-૧ અને આંગણવાડીઓના બાળકોને ચંદન તિલક કરી -વેશવિધિ સંપન્ન કરાવવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...




# જે સમાજની સ્ત્રીઓ-દીકરીઓ શિક્ષિત હશે તે સમાજમાં ખૂબ જ ઝડપથી પરિવર્તન આવશે : ભરતભાઈ ગરીવાલા

જે સમાજની સ્ત્રીઓ અને દીકરીઓ શિક્ષિત હશે, તે સમાજમાં ખૂબ જ ઝડપથી પરિવર્તન આવશે, તેવું આજરોજ પેથાપુર કુમાર શાળા-૧ અને ૨માં યોજાયેલ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ કાર્યક્રમમાં રાજય નાણાં પંચના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ગરીવાલાએ જણાવ્યું હતું. વધુમાં તેઓશ્રી કાર્યક્રમમાં મહિલાઓની વધુ ઉપસથિતને આવકારીને દીકરા-દીકરી વચ્ચે શિક્ષણ માટે ભેદ ભાવ ન રાખવા માટે નમ્ર અનુરોધ કર્યો હતો.

# જીઈબી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ જી.ઇ.બી ખાતેની -ાથમિક શાળામાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધોરણ-૧ અને ૮ તથા આંગણવાડીના બાળકોને ચંદન તિલક કરી શાળા -વેશવિધિ સંપન્ન કરવામાં આવી હતી.

આ -સંગે મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, શિક્ષણએ કોઇ પણ દેશના વિકાસનો પાયો છે, ભારત દેશની આવતીકાલ શિક્ષિત હશે, તો દેશનો વિકાસ ખુબ જ થશે. તેમજ સમાજમાં ફેલાયેલ અંધશ્રધ્ધાઓ, કુરિવાજો પણ દૂર થશે. જેથી દેશના વડા-ધાન અને રાજયના પૂર્વ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયમાં છેવાડાના ગામનો બાળક પણ શિક્ષણના હક્કથી વંચિત ન રહી જાય તેવા ઉમદા આશયથી શાળા -વેશોત્સવ કાર્યક્રમનો આરંભ વર્ષ- ૨૦૦૨-૦૩થી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ થકી આજે સમાજમાં શિક્ષણ -ત્યેની જાગૃતિ આવી છે. રાજયની શાળાઓમાં ડ્રોપ આઉટ રેસીયો ઘટી ગયો છે.

વધુમાં તેઓશ્રીએ વાલીઓને પોતાનું બાળક નિયમિત શાળાએ જાય છે કે નહિં, શાળામાં શું ભણે છે, જેવી અનેક બાબતો પર ધ્યાન રાખવા પણ અનુરોધ કર્યો હતો.



આ -સંગે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધોરણ-૧ના ૨૪ અને આંગણવાડીના ૧૪ બાળકોને દફ્તર, નોટબુક અને શૈક્ષણિક કિટ્સ અને રમકડા આપી -વેશવિધિ સંપન્ન કરાવવામાં આવી હતી. તેમજ ધોરણ-૩ થી ૮ માં -થમ નંબરે ઉત્તીર્ણ થનાર બાળકોનું અને દાતાશ્રીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જી.ઇ.બીના ચીફ ઇજનેર શ્રી એમ.એન. પટેલ, નાયબ ઈજનેર શ્રી બી.એન.ગજ્જર, ડેપ્યુટી મેયર શ્રી સુભાષભાઈ પાંડે, મહાનગર પાલિકાન કોપોરેટર શ્રી હંસાબેન મોદી, શાળાના આચાર્ય શ્રી દિપ્તીબેન વસાવડા સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

# ધર્મ દિવાલ ન બને પણ દ્વાર બને બહાર સંવાદિતા પ્રસરાવવા મથતા કાર્યકરોમાં અંદરની સાચી સંવાદિતા સ્થાપિત થાય તેની પહેલી જરૂર છે

## સદ્ભવાના પર્વ - ૬

ડંકેશ ઓઝા

મોરારીબાપુના કૈલાસધામ ગુરુકુળમાં વર્ષ દરમિયાન ઘણા પર્વો નિયમિતપણે ઊજવાય છે. પર્વ એટલે ઉત્સવ એવો કદાચ રૂઢ અર્થ છે પરંતુ અહીં પર્વ એટલે કલા અને વિચાર એનો ઉત્સવ અસ્મિતા પર્વ છેલ્લાં ૧૭ વર્ષથી ઊજવાય છે. સદ્ભાવના પર્વ છેલ્લા ૬ વર્ષથી ઊજવાય છે અને શિક્ષણપર્વની થોડા મહિના પહેલાં શરૂઆત થઈ છે. ત્રણેક દિવસના આ પર્વોમાં દિવસની બે બેઠકો પ્રત્યેક ત્રણ કલાકની અને રાત્રી બેઠક સાંસ્કૃતિક કાર્યક્રમની હોય છે. બિલકુલ સમયસર કાર્યક્રમ શરૂ થાય અને સમયસર જ પૂર્ણ થાય એ અહીંની સ્વીકૃત બની ગયેલી શિસ્ત છે. વક્તાઓ અને વિષયની બાબતમાં બાપુ તરફથી કોઇ જ ડખળ હોતી નથી. પ્રમુખ શ્રોતા તરીકે તેઓ જૂજ અપવાદ સિવાય નિયમિત અને સમયસર શ્રોતાવર્ગમાં બેસતા હોયછે. પ્રત્યેક બેઠકમાં મહેમાન વક્તા કે કલાકારનું કોઈ પણ જાતના ભાષણ વિના સૂત્રમાલા પહેરાવી સ્વાગત કરતા હોય છે. પર્વના છેલ્લા દિવસે નિરાંતે પોતાનો પ્રતિભાવ રજૂ કરતાં હોય છે. આ અહીંનો સામાન્ય ઉપક્રમ છે.

આખુ પરિસર નારિયેરી, આંબા અને ચીકુ વૃક્ષોથી હરિયાળું અને શાતાદાયક હોય છે. પાછળ નદીનો પટ અને નજીકમાં દરિયો હોવાને કારણ અહીં ગરમીનું પ્રમાણ અન્ય સ્થળો જેટલું ઊંચુ હોતું નથી. નિયંત્રિતો માટે આવાસ અને ભોજનની સુવિધા વિનામૂલ્ય હોય છે. નિયંત્રિતો સિવાયના પણ કાર્યક્રમોમાં આવીને બેસી શકે છે.

આવી સુંદર વ્યવસ્થા હોવા છતાં ગુજરાતમાં બાધુ ધાર્મિક કથાકાર હોવાને કારણે બૌદ્ધિકોના જૂથમાં પૂરા સ્વીકૃત બન્યા નથી એ પણ નોંધનીય છે.

સદ્ભાવના પર્વ-૬ની શરૂઆત સુપ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર નાસીરા શર્માના વક્તવ્યથી થઈ ૪૦ જેટલી કૃતિઓનાં સર્જક આ મહિલા ગુજરાતમાં પહેલીવાર આવ્યા હતા. તેઓ હિન્દુને પરણ્યા છે. સદ્ગત કાંતિભાઈ શાહ પોતાના પુસ્તકોમાં નાસીર બાનુનો ઉલ્લેખ ઘણા આદરપૂર્વક કરતા હતા. એમના સ્વસ્થ વિચારોના તેઓ પ્રશંસક હતા. રાષ્ટ્ર ઔર મુસલમાન નામના તેમના દળદાર પુસ્તકોમાંથી પસંદગીના પ્રકરણોનો સંપાદીત અનુવાદ જાણીતા લેખક અને અનુવાદક મોહન દાંડીકર દ્વારા થયો છે. નવભારત દ્વારા તેનું પ્રકાશન થયું છે જેનું વિમોચન આ પર્વ દરમિયાન મોરારી બાપુના હસ્તે થયું.

૨૦૦૨ની ગુજરાતની પરિસ્થિતિ અને કેન્દ્ર સરકારમાં તાજેતરમાં થયેલું પરિવર્તન નાસીરાબેનની ઊંડી ચિંતાનો વિષય હતા. દિલ્હીના વર્તૂળોમાં આ બાબતોએ કેવો ડર પ્રસરેલો છે તેનો સહેજ ઉલ્લેખ તેમણે કર્યો. અનૌપચારિક ચર્ચામાં ગુજરાત વિશે ઘણું જાણવા તેઓ પ્રયત્નશીલ હતા. તેમના વકતવ્યમાં એક પ્રકારની નિરાશા પ્રગટતી હતી. હિન્દુ-મુસ્લિમ એકતાના જે કંઇ પ્રયાસો લેખન અને કાર્ય દ્વારા થતા રહે છે. તેના પરિણામો મળતાં નથી એ એમનો પ્રધાન શૂર હતો. જેની વાત કરતાં કયારેક તેમનીઆંખો ભીની થઈ જતી હતી. દિલ્હીના મહેરોલી વિસ્તારમાં હવે તેઓ જીવન ગાળે છે. ત્યારે તેમને જે.એન.યુ.ની જિંદગી અને અત્યારની જિંદગી વચ્ચે બહુ મોટો તફાવત દેખાય છે. ગરીબોની સમસ્યાઓ હજુ એવી ને એવી છે. પાણીની સમસ્યા તેમની મુશ્કેલીઓ વધારે છે. એવા ઉલ્લેખો પણ તેમને કર્યા. પારિજાત નામની પોતાની બૃહદ નવલકથાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો અને બાપુએ તેની એક નકલ ભેટ આપી. રાષ્ટ્રીય એકતાના તેઓ હિમાયતી છે અને બંને કોમોની મર્યાદાઓ અને નિર્બળતાના કડક ટીકાકાર છે.

બીજા વક્તા હતા જાણીતા નર્મદા પરિક્રમાના લેખક જબલપુર નિવાસી અમૃતલાલ વેગડ બે વખતની નર્મદા પરિક્રમા અને તે પછીની નર્મદાની સાથી નદીઓની પરિક્રમા કરીને તેમના વિશેના પુસ્તકોથી તેઓ પૂરતા જાણીતા છે. પોતાના અનુભવના ભાથામાંથી અવનવી ઘટનાઓ અને ચિત્ર-વિચિત્ર પરિસ્થિતિઓમાં પ્રગટેલો માનવસ્વભાવ અને વૃત્તિ-પ્રવૃત્તિ વિશે તેમણે રસપ્રદ બનાયથી પોતાના વકતવ્યને વિભૂષિત કર્યું. જેઓ તેમને અવાર-નવાર સાંભળે છે તેમને જૂની રેકર્ડનું પુનરાવર્તન થયા કરતું લાગે. તેમની રજૂઆત હાસ્યલેખકો સાથે સ્પર્ધા કરતી હોય છે. ગંગા જમના જેવી મોટી નદીઓની પણ પરિક્રમા થતી નથી અને માત્ર નર્મદાની જ પરિક્રમા થાય છે. જેમાં એકથી વધુ રાજયોમાંથી પસાર થવાનું બને છે અને તેથી ગ્રામીણ અને આદિવાસી સંસ્કૃતિનો સારો એવો પરિચય અને અનુભવ થતો હોય છે તદ્દન અભણ અને ગરીબ પ્રજા પણ અજાણ્યા પરિક્રમાવાસી સાથે સહાયનો અને સંવાદનો કેવો તંતુ સહજપણે સાધી લે છે. તેના કિસ્સાઓ યાદગાર બની રહ્યા.

બપોરની બેઠક નગીનદાસ સંઘવીની હતી. સદ્ભાવનાની વિભાવનાનો વિષય હતો. તેમણે શરૂઆત કરી કે કોઇ પણ સમાજમાં સેવાપ્રવૃત્તિ કરવી પડે, લાંબો સમય કરવી પડે, કાયમી રીતે કરવી પડે તે સમાજ માંદલો જ કહેવાય. વધુ દવાખાના અને વધુ પોલીસ થાણા સમાજની અસ્વસ્થતાના પરિચાયકો છે એવા નિદર્શનથી શરૂઆત કરી. આગળ જતાં તેમણે નાના નાના કામો પ્રત્યેક લોકો પોતાની ગરજે જવાબદારી સમજીને કરતાં રહે તો એકંદર સરવાળો ઘમો મોટ આવીને ઊભો રહે એમ પણ કહ્યું. વિશાળ દેશના કામે પણ મોટાં છે અને અંતે તે સમુદ્રમાં ખસખસ જેટલાં પુરવાર થઈ રહે છે. સભાના અંતે પ્રત્યેક બેઠકમાં પ્રશ્નોત્તરને અવકાશ હતો જેમાં સારી એવી ભાગાદીરી અને નિસબત પ્રગટતાં જોવા મળતાં.

બીજા દિવસે શબનમ વિરમાણીએ કબીરની ભજનો સાખીઓ સૂફીસંગીત અને બાઉલ ગીતો વણી લઈને સંગીતમય વકતવ્ય આપ્યું. મૂળ પંજાબી અને અમદાવાદમાં એક દાયકો રહેલાં હોવાને કારણે ગુજરાતીમાં રજૂઆત કરવામાં તેમને મુશ્કેલી અનુભવાતી ન હતી. ૨૦૦૨ની ઘટનાથી ચિંતીત - વ્યથિત શબનમ પરંપરામાં ઉકેલ શોધતાં કબીર સુધી પહોંચી ગયા અને તેમાં જ સ્થિર થયા. અમદાવાદમાં દૃષ્ટિ સંસ્થાના હતા અને હવે બેંગ્લોરની આર્ટ અને ડિઝાઈનની સૃષ્ટિ સંસ્થામાં આર્ટ્સ ઈન રેસીડેન્સ તરીકે કબીર પ્રોજેક્ટમાં કામ કરે છે. દેશ અને દુનિયામાં કબીરને પ્રસરાવે છે. ચાર દસ્તાવેજી ફિલ્મો બનાવી છે. દેશ વિદેશની ચિત્રકથાઓના અનુવાદો કર્યા છે. લોકોને જોડવામાં તેમના હૃદયને કરૂણાનો સંદેશ પહોંચાડવામાં કબીર તેમને ઉપયોગી જણાયા છે. આખા પર્વની ઉપલબ્ધી રૂપ શબનમનું સંગીત હતું અને કુમાર પ્રશાંત દ્વારા ગાંધી વિચારનું અર્થઘટન હતું. આપણે જેટલું અંગ્રેજી વાંચીએ છીએ એટલું હિન્દી વાંચતા નથી. આપણા બૌદ્ધિકો કે જાગ્રત નાગરિકો આમ પ્રજાથી કેટલા દૂર હશે તેનું પણ આ એક ઈંગિત છે. દેશના ૧૨ રાજયોમાં રાષ્ટ્રીય યુવા સંગઠનની રીતે કુમાર પ્રશાંત નવી પેઢીને શ્રમ, વિચાર, શિક્ષણ અને સેવાનું ભાથું બંધાવે છે. હિન્દી પત્રકારત્વ અને સાંપ્રત પ્રશ્નો સાથે તેઓ સદા જોડાતા રહ્યા છે. આટલા સ્પષ્ટ વિચારકનો ગાંધીનો ગુજરાત કેટલો ઓછો લાભ લે છે એવો વિચાર પણ ઘણાના મનમાં ઊભર્યો, બાપુએ તો ત્યાં સુધી કહ્યું કે મેં જે.પી.ને બહુ જોયા નથી પણ ફળ ઉપરથી વૃક્ષની પરખ થઈ શકે તેમ છે. પ્રશ્નોત્તરમાં ભગતસિંહ - ગાંધી અને આંબેડકર - ગાંધી બાબતે તેમણે મુદાસર ઘણી વિચારસફાઈ કરી.

છેલ્લે બેઠક હતી એસ્થર ડેવિડના કલા અનુભવોની અને ડૉ. પંકજ જોષીના બ્રહ્માંડ દર્શનની અભણ અને શ્રમિક વર્ગમાં કેવી કલા અને સર્જનાત્મકતા પડેલાં છે જે આપણે શિક્ષણ અને અભ્યાસ પછી પણ કેળવી શકતાં નથી તેની વાત જાણીતાં કલા સમીક્ષક અને યહુદી એસ્થરબેને કરી. ભારતમાં ચારેક હજાર અને ગુજરાતમાં દોઢ હજાર જેટલી વસ્તી યહુદીની છે એમ તેમણે વાતચીતમાં કહ્યું, એનજીઓ સેક્ટર કલાના નામે ક્રાફ્ટનું કેવું વેચાણ કરી કમાણી કરે છે અને શ્રમિક કલાકારોનું શોષણ કરે છે તેના અનુભવો વકતવ્યમાં પ્રગટ્યા. આ શ્રમિક વર્ગને પ્રોત્સાહન સહાય અને પ્રેરણા પુરી પાડવાની જરૂર છે.

બ્રહ્માંડમાં હજારો સૂર્યો અને અબજો આકાશગંગાઓ હોવા છતાં કેવી હારમની છે તેની સરળ સહજ રજૂઆત ડૉ. પંકજ જોષીએ કરી. ખગોળ વિજ્ઞાનીની સરળતા અને નમ્રતા અને સાદગી ઊડીને આંખે વળગે તેવા હતા. કોઈ ગ્રહ કે ઉપગ્રહને માણસને નડવાનો સમય નથી એમ પણ તેમણે સ્પષ્ટ કહ્યું. વિજ્ઞાનીઓ પણ તત્ત્વજ્ઞાનીઓ છે અને વિજ્ઞાન પણ એક તત્ત્વ છે એ મુદો તેમણે રજૂ કર્યો. ભારતીય પરંપરા અને શાસ્ત્રોમાં જે કંઈ પડ્યુ છે તેને અભ્યાસ અને સંશોધનની સરાણે ચઢાવવાની જરૂર છે એવો તેમનો મત જાણીતો છે.

દલપત પઢિયારે કબીરના એવા ભજનો રજૂ કર્યા. જે કબીરના હશે કે કેમ એવો આપણને પ્રશ્ન થાય પરંતુ પ્રજામાં જે રીતે તે સચવાયાં છે તેવો સ્વરૂપે જ તેમણે રજૂ કર્યા.

મોરારી બાપુએ આખા પર્વ બાબતે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ધર્મ દિવાલ ન બને પણ દ્વાર બને બહાર સંવાદિતા પ્રસરાવવા મથતા કાર્યકરોમાં અંદરની સાચી સંવાદિતા સ્થાપિત થાય તેની પહેલી જરૂર છે. આપણે ભેગા મળીએ છીએ પણ એક થતા નથી. પર્વ નાનું કે મોટું ન હોઈ શકે તે સાચું હોય સાચી દિશાનું હોય તેટલું પુરતું છે. કોઈ પણ તેજસ્વી વિચાર કરી નાનો હોતો નથી. કોઈની નિંદા કરવાને બદલે નિદાન કરવાની વધુ જરૂર છે. નારેશ્વરના સંત રંગ અવધૂતનો પરસ્પર દેવો ભવના સંદેશને ચરિતાર્થ કરવાની જરૂર છે. બ્રહ્માંડની વિગતો જાણવાથી અને તેની ચર્ચાથી માણસને પોતાની નાનકડી સ્થિતિનો અંદાજ આવે છે અને તેથી તે નિરભિમાની બને છે.

બે બેઠકોમાં સદ્ભાવના કાર્યકરોના અનુભવ અને સૂચનોને પણ અવકાશ મળ્યો. માણસ હોવાને કારણે બીજા માણસ માટે સદ્ભાવ અને સહાય સહજપણે ઊભાં થાય તે વાત બરાબર ઘૂંટાઈ, સદ્ભાવના ફોરમની દ્વિમાસિક પત્રિકામાં ઘણાં બધાંને સહયોગ કરવામાં આનંદ આવ્યો.

ગત વર્ષથી એક રાષ્ટ્ર કક્ષાનો અને બીજો રાજયકક્ષાનો પ્રત્યેક રૂા. ૫૧ હજારનો એવોર્ડ આપવાનું શરૂ કર્યું છે. અગાઉ રાષ્ટ્રકક્ષાનો વિનય - ચારૂલને અને રાજયકક્ષાનો જગદીશ શાહને આપેલો. આ વર્ષે રાષ્ટ્રકક્ષાનો કુમાર પ્રશાંતને અને રાજયકક્ષાનો સંવેદનશીલ યુવાનાટ્યકાર સૌમ્ય જોષીને અપાયો. એવોર્ડ પ્રાપ્ત વ્યક્તિઓએ પોતે કરી રહેલા કાર્યને એવોર્ડથી ચાલકબલ પ્રાપ્ત થશે એવી શુભભાવના વ્યક્ત કરી.